GJSK050004122026

**દિવાની પર.અરજ નં.૨૦/૨૦૨૬**

**-:આંક-૧ લગત હુકમ :-**

(૧) સાંભળ્યા. પેમેન્ટ પુરસીસ વંચાણે લીધી. અરજદાર તરફે રજુ થયેલ પેમેન્ટ પુરસીસ તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા અરજદારે એલ.એ.કયુ કેસ નં. ૬૭૩/૨૦૦૭ ના કામે તા. ૩૦/૦૪/૨૦૧૩ ના રોજ એડી.સીની.સીવીલ કોર્ટ ઈડર દવારા મંજુર થયેલ વધારાની રકમ રૂ. ૫૮,૪૪૪/- (અંકે રૂપીયા અઠાવન હજાર ચારસો ચુંબાલીસ) મેળવવા સારુ હાલની પુરસીસ આપેલ છે.

(૨) સદર કામે સદર રકમ જમા થયેલ છે કે કેમ તે બાબતે નાઝરશ્રીનો રીપોર્ટ મંગાવતા સદર કામના સામાવાળાએ તા. ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ રજીસ્ટર નં. ૩૩, પાના નં. ૫૦૨૨૩૨૨ થી રૂ. ૫૮,૪૪૪/- જમા કરાવેલ છે તેવો શેરો કરેલ છે.

(૩) સદર કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે વિ. એ.જી.પી.શ્રી એન.એન.બારોટ નાઓ આંક:-૪ થી હાજર પુરસીસ આપી આ કામે હાજર થઈ આંક:-૫ થી પુરસીસ આપી સદર કામે સરકારશ્રી કક્ષાએ કોઈ અપીલ દાખલ થયેલ નથી જેથી પુરસીસમાં જણાવેલ જમા રકમ અરજદારને પરત સોંપવામા આવે તો ડિપાર્ટમેન્ટને કે તેઓની કચેરીને કોઈ વાંધા સરખુ નથી તેવુ જાહેર કરેલ છે.

(૪) આમ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા એલ.એ.કયુ કેસ નં. ૬૭૩/૨૦૦૭ ના કામે વળતર ન ચુકવવા અંગે નામદાર એપેલન્ટ કોર્ટ તરફથી કોઈ સ્ટે આવેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં અત્રેની કોર્ટના રજીસ્ટ્રારશ્રીએ કરેલ શેરો વંચાણે લેતા સદર રકમ ચુકવવા સામે કોઈ ત્રાહીતના વાંધા તકરાર રજુ થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. પુરસીસમાં જણાવ્યા મુજબની રકમ અરજદારને આપવામા આવે તે સામે સામાવાળા/સરકાર તરફે પણ કોઈ વાંધો નથી તેવુ જણાઈ આવે છે.

(૫) સદર કામે અરજદાર તરફે રજુ થયેલ ની. ૩/૨ વાળો એલ.એ.કયુ કેસ નં. ૬૭૩/૨૦૦૭ નો હુકમ ધ્યાને લેતા અરજદારના નામમાં પટેલ રતનબેન મણીલાલ, રહે. તાંદલીયા કંપા, તા. ખેડબ્રહમાના હોવાનુ જણાઈ આવે છે. હાલના અરજદારે તેઓની પેમેન્ટ પુરસીસમાં એવુ જણાવેલ છે કે, એલ.એ.કયુ. કેસ.નં. ૬૭૩/૨૦૦૭ ના અરજદાર પટેલ રતનબેન મણીલાલ તેઓના પત્ની થાય છે અને આ રતનબેનનુ તા. ૧૮/૧૨/૨૦૧૬ ના રોજ અવસાન થયેલ છે રતનબેન નિ:સંતાન ગુજરી ગયેલ છે અને અરજદાર ગુજરનાર

રતનબેનના કાયદેસરના પતિ થતા હોય તેઓના સીધી લીટીના વારસદાર છે જેથી આ કામે જમા થયેલ રકમ અરજદારને ચુકવી આપવા અરજ ગુજારેલ છે. અરજદાર તરફે ની. ૩/૩ થી એલ.એ.કયુ. કેસ.નં. ૬૭૩/૨૦૦૭ ના અરજદાર પટેલ રતનબેન મણીભાઈના મરણના પ્રમાણપત્રની નકલ રજુ થયેલ છે જે નકલ ધ્યાને લેતા પટેલ રતનબેન મણીભાઈનાઓ તા. ૧૮/૧૨/૨૦૧૬ ના રોજ મરણ ગયેલ હોવાનુ પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે. અરજદાર તરફે ની. ૩/૪ થી ગુજરનાર રતનબેન મણીલાલ ના પતિ પટેલ મણીલાલ ભીમજીભાઈનુ પેઢીનામુ રજુ થયેલ છે. સદર પેઢીનામુ ધ્યાને લેતા પટેલ રતનબેન મણીલાલ નાઓ નિ:સંતાન મરણ ગયેલ અને આ કામના અરજદાર સદર રતનબેનના પતિ થતા હોવાનુ જણાઈ આવે છે. આમ આ કામના અરજદાર એલ.એ.કયુ. કેસ નં. ૬૭૩/૨૦૦૭ ના કામના ગુજરનાર અરજદાર પટેલ રતનબેન મણીલાલ ના પતિ થતા હોય અને સીધી લીટીના વારસદાર થતા હોય આ કામે સામાવાળાએ જમા કરાવેલ રકમ રૂ. ૫૮,૪૪૪/- અરજદારને ચુકવી આપવા ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) અરજદારની અરજી મંજુર કરવામા આવે છે.

(૨) આથી નાઝરશ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ ખેડબ્રહમાનાઓને હુકમ કરવામા આવે છે કે, એલ.એ.કયુ. કેસ નં.૬૭૩/૨૦૦૭ ના કામે અત્રેની કોર્ટમાં સામાવાળાએ તા. ૧૨/૦૩/૨૦૨૫ ના રોજ સીવીલ ''સી'' રજીસ્ટર નં. ૩૩ થી પાના નં. ૫૦૨૨૩૨૨ થી રૂ. ૫૮,૪૪૪/- જમા કરાવેલ રકમ આ કામના અરજદાર પટેલ મણીલાલ ભીમજીભાઈ, રહે. તાંદલીયા કંપા, તા. ખેડબ્રહમા, જી.સાબરકાંઠા નાઓને એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવા.

(૩) અરજદારે તેઓના ઓળખનો પુરાવો રજુ કરવો તેમજ વળતરની રકમ અંગે ભવિષ્યમાં કોઈ તકરાર ઉભી થાય તો સદર રકમ પરત કરવા અંગે બાંહેધરી ખત લખી આપવુ.

(૪) સદર કામે ચુકવી આપવામા આવતી રકમ પર થતો કાયદેસરનો કોર્ટ ફી સ્ટેમ્પ વસુલ લેવો.

હુકમ આજરોજ તા.૧૬ મી માહે માર્ચ સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૬/૦૩/૨૦૨૬
મુ.ખેડબ્રમ્હા,
SELF

**(કે.જે.રાઠોડ)**
પ્રિન્સી.સીની.સીવીલ જજ
ખેડબ્રહમા, જી.સા.કાં.